**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

**પુરક પ્રશ્નો**

૧. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કયા કયા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે? (શ્રી પી. સી. બરંડા (ભિલોડા))

૨. વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ થયેલ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં થયેલ જોગવાઈ તથા ખર્ચની વિગતો શી છે? (શ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા))

3. આદિજાતિ વિકાસ વિભાગની છેલ્લા બે વર્ષમાં કેટલી હયાત યોજનાના દરોમાં વધારો કરવામાં આવેલ છે? (શ્રી મનુભાઇ પટેલ (ઉધના))

## અગ્રતા ક્રમાંક: ૨૦

## માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી પી. સી. બરંડા (ભિલોડા)

**પ્રશ્ન :૧ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કયા કયા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે?**

જવાબ:

**શૈક્ષણિક હેતુ માટેની યોજનાઓ :** જેવી કે, શિષ્યવૃત્તિ, ગણવેશ, વિદ્યા સાધના યોજના હેઠળ સાયકલ, ફૂડબીલ, ખાનગી સંસ્થાઓ દ્વારા સંચાલિત હોસ્ટેલ અને આશ્રમશાળાઓ માટે નિભાવ ગ્રાન્ટ, સરકારી છાત્રાલય અને આદર્શ નિવાસી શાળાઓ, સમરસ હોસ્ટેલ, તેમજ સરકારી છાત્રાલય અને આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ માટે.

**આર્થિક ઉત્કર્ષ હેતુ માટેની યોજનાઓ :** જેવી કે, માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારી માટે સાધન સહાય, ડી-સેગ કચેરી દ્વારા અમલિત ખેતીવાડી અને સિંચાઇ તથા પશુપાલન સહાય માટે, આદિમજૂથ અને હળપતિ માટેના સર્વાંગી વિકાસની યોજનાઓ હેઠળ માળખાકીય સુવિધાઓ માટે, બોર્ડર વિલેજ યોજના હેઠળ માળખાકીય સુવિધાઓ માટે, રોજગારલક્ષી તાલીમ માટે.

**આરોગ્ય અને આવાસ હેતુ માટેની યોજનાઓ :** શાળાના બાળકોને પુરક પોષણ માટે દૂધ સંજીવની યોજના, કેન્સર, રક્તપિત્ત, એઇડ્સ જેવી જીવલેણ બિમારીઓ માટે મફત તબીબી સહાય, વ્યક્તિગત ધોરણે આવાસ માટે, કુંવરબાઇનું મામેરૂ, સાતફેરા સમૂહ લગ્ન, નાગરીક સેલ અને એટ્રોસીટી એક્ટ હેઠળ અત્યાચાર સહાય.

નિર્દેશન અને વહીવટ માટે: વિભાગ-ખાતા હેઠળ ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓનાં પગાર-ભથ્થાં, કચેરીઓના નિભાવ માટે.

Back To Index

## અગ્રતા ક્રમાંક: ૨૦

## માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા)

**પ્રશ્ન : ૨** વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ થયેલ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં થયેલ જોગવાઈ તથા ખર્ચની વિગતો શી છે?

જવાબ:

| ક્રમ | નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ (રૂ.કરોડમાં) | ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૧૪૪૬૩.૦૮ | ૧૨૯૫૫.૦૧ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૧૪૬૩૮.૨૯ | ૧૪૭૧૨.૭૯ |
| ૩ | ૨૦૨૩-૨૪ | ૧૮૭૫૪.૩૬ | ૧૦૩૫૧.૮૦ (જાન્યુઆરી અંતિત) |

### માન. મુખ્યમંત્રીશ્રીનો દશ મુદ્દાઓનો કાર્યક્રમ

૧. દશ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવા,

૨. શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર,

૩. આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને,

૪. સૌને માટે આરોગ્ય

૫. સૌના માટે ઘર

૬. પીવાનું પાણી

૭. સિંચાઈ

૮. બારમાસી રસ્તાઓ

૯. વીજળીકરણ

૧૦. શહેરી વિકાસ

Back To Index

**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મનુભાઇ પટેલ (ઉધના)

**પ્રશ્ન : ૩** **આદિજાતિ વિકાસ વિભાગની** છેલ્લા બે વર્ષમાં કેટલી હયાત યોજનાના દરોમાં વધારો કરવામાં આવેલ છે?

જવાબ:

| ક્રમ | યોજનાનું નામ | જુનો દર | | નવો દર | |
|---|---|---|---|---|---|
| ૧ | દુધાળા પશુ સહાય યોજના | ૫૪,૦૦૦ | | ૭૦,૦૦૦ | |
| ૨ | નિભાવ ગ્રાન્ટ | ૧,૫૦૦ | | ૨,૧૬૦ | |
| ૩ | રાજ્ય સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ | | ધોરણ | જુનો દર | નવો દર |
| | | કુમાર | ધો-૧ થી ધો-૮ | ૫૦૦ | ૭૫૦ |
| | | | ધો-૯ થી ધો-૧૦ | ૭૫૦ | ૧,૦૦૦ |
| | | કન્યા | ધો-૧ થી ધો-૫ | ૫૦૦ | ૭૫૦ |
| | | | ધો-૬ થી ધો-૧૦ | ૭૫૦ | ૧,૦૦૦ |
| | | અતિ પછાત | ધો-૧ થી ધો-૮ | ૭૫૦ | ૧,૦૦૦ |
| | | | ધો-૯ થી ધો-૧૦ | ૧,૦૦૦ | ૧,૫૦૦ |
| ૪ | ગણવેશ સહાય | ૬૦૦ | | ૯૦૦ | |
| ૫ | પી.એચ.ડી શિષ્યવૃતિ યોજના | ૨૫,૦૦૦ | | ૧,૦૦,૦૦૦ | |
| ૬ | રક્તપિત્તથી પિડીત લોકોને મફત તબીબી સહાય. | ૪૦૦ | | ૮૦૦ | |
| ૭ | કુંવરબાઈનું મામેરુ યોજના | ૧૦,૦૦૦ | | ૧૨,૦૦૦ | |

Back To Index